# એક નાના પક્ષીનું મિશન

આ વર્ષે મે મહિનામાં એક દિવસ સવારે, બાબા મુક્તાનંદના જન્મદિવસના અઠવાડિયા દરમ્યાન, શ્રીગુરુમાઈ આશ્રમની એક બારી પાસેથી ચાલી રહ્યાં હતાં ત્યારે તેમણે બારીની બહાર એક નાના પક્ષીને જોયું. એ પક્ષી બારીના કાચની નજીક બીજી તરફ પથ્થરની લાદી પર બેઠું હતું. તેનો રંગ કથ્થઈ હતો, તેના માથા પર કેસરી રંગની એક રેખા હતી અને તેના પેટ પર સફેદ રંગના ટપકાં હતાં. એ પક્ષીએ પોતાની છાતી ફૂલાવી રાખી હતી, જેના લીધે તે અતિશય ગોળમટોળ લાગતું હતું.

ગુરુમાઈજીએ જ્યારે એ પક્ષીને જોયું, ત્યારે તેઓ વિચારવાં લાગ્યાં કે શા માટે તે પોતાનાં પીંછાં ફેલાવીને ત્યાં બેઠું છે. એ જ સમયે એક પાળેલી બિલાડી ગુરુમાઈજીની બાજુમાં આવીને ઊભી રહી ગઈ.

હવે, જ્યારે આ બિલાડીએ એ નાના પક્ષીને જોયું તો તેને ઘણો રસ પડ્યો.

તે બારીના કાચ પર પોતાનું નાક અડાડીને ઊભી રહી ગઈ. તે બની શકે એટલું એ પક્ષીની નજીક જવા માગતી હતી.

એ પક્ષી બિલાડીને જોઈને સહેજપણ ડર્યું નહીં. તે હજી પણ કાચથી બસ થોડા જ ઈંચ દૂર હતું. તમે કહી શકો કે બિલાડી અને પક્ષી લગભગ નાકથી ચાંચ સુધીના અંતર પર જ હતા!

દસ મિનિટ, વીસ મિનિટ, ત્રીસ મિનિટ થઈ ગઈ, તોપણ પક્ષી ત્યાં જ બેઠું હતું અને અંદર જોઈ રહ્યું હતું. તે તો બસ ગુરુમાઈજીને અને બિલાડીને જોઈ રહ્યું હતું... જોઈ રહ્યું હતું... બસ જોઈ જ રહ્યું હતું. થોડાં-થોડાં સમયે તે સહેજ હાલતું હતું. તે તેનું માથું નમાવતું — પહેલાં આ બાજુ અને પછી પેલી બાજુ. તે ગુરુમાઈજીને સારી રીતે જોવાનો પ્રયાસ કરતું. તે બિલાડીને સારી રીતે જોવાનો પ્રયાસ કરતું.

આમ કરતાં કરતાં, પક્ષી વધુને વધુ નજીક આવી રહ્યું હતું. ગુરુમાઈજી વિચારવા લાગ્યાં કે કદાચ પક્ષી કહી રહ્યું હતું, ‘‘શું તમે મને અંદર આવવા દેશો? મહેરબાની કરીને દરવાજો ખોલો!’’

જેમ-જેમ સમય વીતતો ગયો, ગુરુમાઈજીને પક્ષીની ચિંતા થવા લાગી. તેઓ વિચારવાં લાગ્યાં કે પક્ષી સલામત છે કે નહીં — કદાચ તેને કોઈ મદદની જરૂર હશે.

પિસ્તાળીસ મિનિટ પછી, ગુરુમાઈજીએ બિલાડીને કહ્યું : ‘‘આપણે પક્ષીને જણાવવું જોઈએ કે આપણે તેને ઘણો પ્રેમ કરીએ છીએ.’’

તેથી, ગુરુમાઈજી અને તેમની બાજુમાં ઊભેલી બિલાડી, બારીની થોડા વધુ નજીક ગયાં. પક્ષી પણ ઝડપથી તેના નાનાં-નાનાં નાજુક પગથી કૂદકાં મારતું-મારતું વધુ નજીક આવી ગયું.

અને જ્યારે તેઓ — ગુરુમાઈજી, બિલાડી અને પક્ષી — એકદમ નજીક આવી ગયાં, ત્યારે ગુરુમાઈજીએ કહ્યું : ''અમે તને પ્રેમ કરીએ છીએ.''

જેવું ગુરુમાઈજીએ આ કહ્યું કે તરત જ પક્ષીએ પોતાની પીઠ બારી તરફ ફેરવી લીધી. તેણે બહાર વિશાળ નીલ આકાશ તરફ જોયું, પોતાની પાંખો ફેલાવીને પવન પર સવાર થઈને આકાશમાં ઉડાન ભરી, ફરરર કરતું ઊડી ગયું.

અને જ્યારે પક્ષી આનંદથી આકાશમાં ઊંચે ને ઊંચે ઉડતું હતું, ત્યારે ગુરુમાઈજી અને બિલાડી તેને વિસ્મયપૂર્વક નિહાળતાં રહ્યાં.

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.